# આદિવાસીઓના મુખ્ય તહેવારોનું આરોગ્ય સાથે સબંધ (ડાંગ જિલ્લાના આદિવાસીઓના સંદર્ભમાં)

પ્રા. નવનીત બી. ગાયકવાડ
સમાજશાસ્ત્ર વિભાગઆર્ટસ એન્ડ કોર્મસ કોલેજ પીપળીયા
તા. વાઘોડીયા, જિ- વડોદરા.

પ્રસ્તાવના:

માણસો ખરેખર ઉત્સવપ્રિય હોય છે. ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું સાંસ્કૃતિક, ધાર્મિક, આધ્યાત્મિક તથા શારીરિક આરોગ્યની દષ્ટિએ અનોખું મહત્વ હોય છે. તેવી જ રીતે ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં તહેવારોનું મહત્વ આરોગ્યની દષ્ટિ ખૂબ ઉપયોગી છે. તેમના મુખ્ય તહેવારના માધ્યમો દ્વારા પોતાના કુટુંબનું અને સમગ્ર ગામના સ્વસ્થ આરોગ્યની કામના કે પૂજા આરાધના કરવામાં આવે છે. તહેવારોની ઉજ્જવણી વ્યક્તિના માનસિક સ્વાસ્થ્યની શાંતિ માટે કરવામાં આવે છે. આ લોકસંસ્કાર એ જ આપણાં આજના તહેવારો છે. માનવીના આરોગ્યને નજર સામે રાખીને આપણા તહેવારોની રચના કરવામાં આવી છે. જેમ કે ડાંગ જિલ્લાના આદિવાસીઓ ખાસ કરીને હોળી, અખાત્રીજ, તેરા, નાગપાંચમ,પોળા, પિત્રરા, વાઘબારસ, દીવાળી, ગુડી પડવો ( આદિવાસી નવું વર્ષ ) વગેરે તહેવારો જે રીતે ગોઠવાયા છે તેની પાછળ એક જાગૃત આરોગ્યની ભાવના પડી છે. પરંતુ આ ભાવનાએ ગુલામીની મનોદશામાં જે મૂળ સ્વરૂપ લેવું જોઈએ તે લીધું નહિ અને કળક્રમે એ ઘસાતી ચાલી છે.

માનવીના આરોગ્ય માટે સૌથી મહત્વના પરિબળોમાં જે તે પ્રદેશનાં હવાપાણી, આબોહવા તેમજ સામાજિક, સાંસ્કૃતિક તહેવારો છે. આબોહવા, એ આજની વૈજ્ઞાનિક રીતે ભલે ગમે તેવા અને ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે તો પણ તેને ન નિવારી શકાય એવી છે. કુદરતને કાબૂમાં લેવાનું અશકય છે. તેવીજ રીતે સામાજિક સાંસ્કૃતિક તહેવારોને પણ કાબૂમાં લેવાનું અશકય છે.

**આદિવાસીના મુખ્ય તહેવારોની પૂજા.**

ડાંગ જિલ્લાના આદિવાસીઓ ખાસ કરીને હોળી, અખાત્રીજ, તેરાં, નાગપાંચમ,પોળા, પિત્રરા, વાઘબારસ, દિવાળી, ગુડી પડવો ( આદિવાસી નવું વર્ષ ) વગેરે તહેવારો અતિ મહત્વના ગણે છે. આ તહેવારો તેમની જીવનચર્યા સાથે સંકળાયેલ છે.

હોળી:

હોળી દહન પ્રક્રિયાની વિધિ સાથે ખાસ સ્વસ્થ આરોગ્યની કામના કરવામાં આવે છે. આ હોળી દહન વિધિ માટે ખાસ શીરીષનો ( જે 20 ફુટથી વધુ ઉંચો ) ખંભો લાવવામાં આવે છે. એ

ખંભાની ફરતે લાકડાં ગોઠવવામાં આવે છે. ત્યાર બાદ હોળીને સળગાવવામાં આવે છે. હોળીના લાકડા વચ્ચે જે ખંભો મૂકવામાં આવે છે જેની કોઇ પણ એક સળગેલ ડાળી લઇને હોળીના ફરતે પાંચ કુંવારા છોકરાઓ પાંચ કે સાત ફેરા ફરે છે. ત્યાર બાદ એ સળગેલ ડાળી લઇને કૂવા પર જાઇને કૂવાના પાણીથી બુઝાવે છે. કૂવા પર વલોવેલ સળગેલ ડાળી અને કુવાની ભિનિ માટી લઇ આવ્યા પછી હોળી માતાની પૂજા કરવામાં આવે છે. જે પૂજા આરાધના આ પ્રમાણે હોય છે. ગામના વડીલ અથવા ભગત આ મુજબ પ્રાથના કરે છે. “ હે હોળી માતા અમારા નાનાં-મોટાં સૌ કોઈ વ્યકિતને સુખ- શાંતિ આપજો, રોગ- ભોગમાંથી બચાવજો, ઢોર-ઢાંખર પર ધ્યાન રાખજો, વાઘ- નાગ જેવા જંગલના દેવોથી રક્ષણ કરજો. ખેતી–વાડીમાં બરકત આપજો, અમારા ગામના બધા રોગોને તમારી અગ્નિમાં બાળી નાખાજો” વગેરે શબ્દો બોલીને આખા વર્ષની સુખ-શાંતિ માગવા માટે હોળી દહન કરવામાં આવે છે. જે દરેક ગામના ભગતની પૂજા પાઠ ઉપરથી માલુમ થાય છે.

હોળીના લાકડાં અને હોળીનો ખંભોએ ગામના આરોગ્ય સાથે સંકળાયેલ છે. જે અંગેની માન્યતા, જેવી કે હોળીના લાકડા અને હોળીનો ખંભો હમેશા પૂર્વ દિશામાં જ પડવો જોઇએ જો પૂર્વ દિશામાં ન પડે તો તે વર્ષે ગામમાં આફત આવવાની સ્થિતિનું અનુમાન કરવામાં આવે છે.

હોળીની અગ્નિમાં નાખવામાં આવતાં શ્રીફળ કે કોપરાની વાટી અંગેની માન્યતા : જે વ્યકિતઓએ સારા આરોગ્ય માટે જે માનતા લીધી હોય તેઓ શ્રીફળ, કોપરાની વાટી હોળીમાં નાખી પોતાની માનતા પુરી કરે છે. જે હોળીમાં નાખવામાં આવતા શ્રીફળ કે કોપરાની વાટી હોળીની અગ્નિમાં પ્રવેશવી જોઇએ, જો હોળીના અગ્નિથી ટકરાઇને પાછી પરત આવે તો પણ અપશુકન માનવામાં આવે છે.

આવી અનેક વિવિધ માન્યતાઓના આધિન ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં ખાસ કરીને હોળીનો તહેવાર એટલા માટે ઉજવવામાં આવે છે કે, હોળી દહનના તહેવારના માધ્યમ દ્વારા સમગ્ર ગામની સુખ શાંતિ પ્રાપ્ત થાય. આ તહેવારમાં એટલા માટે આદિવાસી લોકો હોળીના તહેવારને વધુ મહત્વ આપે છે. જેના લીધે આ તહેવાર માનવીના આરોગ્ય સાથે સીધો સંબંધ ધરાવે છે.

અખાત્રીજ

ડાંગ જીલ્લાના આદિવાસી લોકો અખાત્રીજનો તહેવાર એટલા માટે ઉજ્વે છે કે, આ તહેવારમાં આદિવાસી લોકો ખેતીનો અખતરો કરે છે. આ તહેવાર પાંચ દિવસ પૂર્વે એક ટોપલીમાં ધાન્ય પાકોના જવારા(બીજ) નાખવામાં આવે છે. ઉગેલા જવારાના વિકાસને ખૂબ ધ્યાનથી જુએ છે. કયું ધાન્ય સારૂ ઉગ્યું છે અને કયું ધાન્ય ઉગ્યું નથી તેના પરથી તેઓ ખેતીવાડીનું વર્ષ કેવું જશે, કયા પાકો સારો આવશે તેનું અનુંમાન કરે છે તથા આ વર્ષે ચોમાસાના પવનો કેવા પ્રકારનો રહશે તેનું

અનુમાન કરવામાં આવે છે. તદુંપરાત ત્રણે ઋતુંમાં ભારે પવનો અને વંટોળો આફત ના સર્જે તેના માટે પણ પવન( ભૂત્યા) દેવની પૂજા કરવામાં આવે છે. જો આખા વર્ષનો ખેતીવાડીમાં પાક સારો ઉતરવાનો અનુમાન થાય તો સમગ્ર કુટુંબીજનોની ખેતીવાડી અંગેની માનસિકતા બદલાઇ જાય છે. કારણ કે ખેતીવાડી સમગ્ર આદિવાસીઓનો જીવાધોરી છે. જે આ તહેવાર પરથી જાણેશે.

તેરાં :

આ તહેવારનું ખેતીની દષ્ટિએ પણ મહત્વ છે, જમીનમાં પાણી પચવાથી  હવે જલઘર બની છે અને વાવણી લાયક થઈ છે તેનું સૂચન કરે છે. આ સમયે વાવણી કરેલ ઘાન્ય રોપા તૈયાર થઈ ગયેલા  હોય છે. ખેડૂતો આ તહેવારના થોડા દિવસો પછી  રોપણીના કાર્યનો આરંભ કરે છે.  બીજુ એ પણ એક મહત્વ છે કે ચોમાસાની શરૂઆત થતાં કેટલાયે લોકો પાસે ખાવાની શાકભાજી હોતી નથી, પહેલો વરસાદ પડે  એટલે સૌપ્રથમ ખાવા લાયક ભાજી ઊગતી હોય તે છે તેરાં. તેરાંના તહેવારના દિવસે જંગલમાં નવીનવી ઊગતી ભાજીઓની પૂજા કવામાં આવે છે. પૂજા કવાનું કારણ એ હોય છે કે, અમે જે જંગલની શાકભાજીનો ખાવામાં ઉપયોગ કરી છું તે અમને પચાવવાની શક્તિ આપજો. તેરાંનું શાક આરોગ્યની દષ્ટિએ એક ઔષધીનું કામ કરે છે. તેરાંનું શાક ખાદા પછી એઠાં હાથ હાથ-પગને ચોળવાથી તેઓ માને છે કે ચામડીના રોગો થતા નથી.

નાગપાંચ

નાગપાંચના તહેવારને સ્થાનિક ભાષામાં ‘પચવી’ તરીકે ઓળખે છે. નાગપાંચનો તહેવાર ખાસ કરી ને વારલી જનજાતિઓમાં ચૂસ્ત રીતે મનાવામાં આવે છે. આ દિવસે ઘરની ભીંત ઉપર છાણથી લીપણ કરેલ જગ્યા પર ચોખાના લોટ અથવા  ચોખથી નાગ, વાઘ, વીંછી, હળ, હાંકતો ખેડૂત, ગાય સાથે વાછરડું, મોર વગેરે ચિત્રો દોરવામાં આવે છે. અને એની  દીવા પ્રગટવીને પૂજા કવામાં આવે છે. કારણ કે ઉપરોક્ત દેવી ચિન્હોના ચિત્રો અમારા આસપાસના વાતવરણમાં અથવા અમારી પ્રકૃતિ સાથે જોડાયેલ છે. જો અમે એમનું માન-પાન ન આપીશું તો અમારા જીવનમાં મુશ્કેલી આવશે. કારણ કે  દરેક વ્યક્તિઓ અને અમારા પશુઓ ગમે તે ખુલ્લી જગ્યામાં ફરે છે. તેમને કોઇ શારીરિક મુશ્કેલી ન આવે અથવા તો જંગલના જીવ જંતુઓ અમને કોઇ હાનિ ન પોંહચાડે એવી અનેક માન્યતાઓ સાથે આ તહેવાની પૂજા આરાધના કરવામાં આવે છે.

ડાંગી ભગતની દષ્ટિએ આ તહેવારનો દિવસ અતિ મહત્વનો હોય છે. કારાણ તેઓ આ દિવસે ભક્તિ(મંત્ર-તંત્ર) શીખતા હોય છે અને તે (ભક્તિ) વાઘ-બારસના દિવસે પૂર્ણ થાય છે. આ ભક્તિ મોટા ભાગે અંગરક્ષણ માટેની હોય છે. જેવી કે વીંછીનું ઝેર ઉતારવાની, વાઘને દૂર ભાગાડવા અથવા કાબુમાં લેવા તેમજ તાવ ઉતારવાની વગેરે વિધિઓ શીખવવામાં આવે છે.

પોળા :

શ્રાવણ માસની અમાસના દિવસે આ તહેવાર આવે છે. આ તહેવારના દિવસે પ્રત્યેક ઘરના લોકો પાલતું પશુઓને સ્નાન કરાવીને સિંદૂરનું તિલક કરી "ગેરૂથી" તેમના શિંગડા રંગે છે.આ તહેવાર ખાસ કરીને બળદ અને હળ હાંકવા વાળા પુરૂષનો છે. આખા ચોમાસા દરમ્યાન ખેતીના કામ સમયે બળદને તેણે મારેલ હોય, પગ લગાડયો હોય, ગાળ આપી હોય તો સાંજે તે બળદ પાસે નૈવેધ ધરી બે હાથ જોડી ક્ષમા માંગે છે.કારણ કે આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી જે સંપૂર્ણ પશુપાલન ઉપર નિર્ભય હોય છે. એટલા માટે આ તહેવાર એમનો ખાસ છે.

પિત્રરાં :

આ તહેવાર કુટુંબીનોનો તેમજ ખેતીમાં તૈયાર થયેલ નવા પાક ખાવાની શરૂઆતનો તહેવાર છે. એટલે જ આ તહેવારને " નવા" પિત્રાનો તહેવાર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે લોકો તૈયાર થયેલ નવો પાક (ડાંગર) લાવી તેનો ભાત બનાવી બધા પૂર્વજોના નામ લઇ અગ્નિમાં આહૂતિ આપે છે. જો મૃત વડીલો કુટુંબીનોને આશીર્વચનો આપેતો સમ્રગ કુટુંબમાં સુખ-શાંતિ અને બરકત વરસતી રહે છે. એટલા માટે આ તહેવાર વધારે મહત્વ આપવામાં આવે છે.

વાઘ- બારસ :

આ તહેવાર આસો વદ બારસના દિવસે આવે છે. આદિવાસીઓનો સંબંધ પ્રકૃતિ કે જંગલ સાથે રહેલો છે. વાઘ-બારસના દિવસે તેઓ વાઘદેવ તથા જંગલી હિંસક પ્રાણીઓને મરઘાં કે બકરાંની બલી ચઢાવતાં હોય છે. આ ઉપરાંત નાગદેવ, ચન્દ્રદેવ તથા સૂર્યદેવની પણ પૂજા કરવામાં આવી છે. આ તહેવારને તેઓ " બારસ્યા" તરીકે ઓળખાવે છે.વાઘ દેવને બલી ચઢાવવાનું કારણ તરીકે આદિવાસીઓના પશુઓ જેવા કે ગાય, બળદ, ઘેટાં-બકરાં અને ભેસ-પાડા વગેરે સૂમસામ વગડાઓમાં કે જંગલોમાં એકલા ફરતાં હોય છે જેઓને જંગલી જનાવરો કોઇ હાનિ ન પોંહચાડે એટલા માટે બલી ચઢાવવામાં આવે છે. જો આ બલી ન ચઢાવવામાં આવે તો જંગલના હિંસક પ્રાણીઓ પાલતું પ્રાણીઓને નુકશાન પોંહચાડે છે. તંદુપરાંત બલી ચઢાવવાનું સ્થળ ગામાડે પથ્થરોમાં કે લાકડાની ' પાટલી' (પાળીયા) ઉભી કરી તેના પર સૂર્ય, ચન્દ્ર અને વાઘની મૂર્તિ કોતરેલી હોય છે. તેના પર કંકુ-સિંદુર લગાડી તેને સજાવવામાં આવે છે.

વાઘદેવની પૂજાનું આયોજન ગામ લોકો સમૂહિક રીતે કરે છેનો. તે દિવસ ઢોરોનો ગોવાળ બધા ઢોરો લઈને ગાયોને એકત્ર કરવાના સ્થળે આવે છે. ગોવાળિયઓને જુદાજુદા પ્રકારના જંગલી પ્રાણીઓ બનાવી ઢોરના ફરતે પાંચ ફેર હાથમાં નૈવેદ્ય લઇને ફરે છે. ગાય ગોઠણની જગ્યા વચ્ચે દાણા- ચોખાની પૂંજા અને ઈંડુ મુકવામાં આવે છે. બાદમાં ઢોરો ને લોકોના સામુહિક અવાજ તથા તાંબા- પીતળનો થાળા કે થાળી વગાડી ઉપરથી દોડાવે છે. જો ઈંડુ સલામત રહે તો વર્ષ સારૂ જશે

એવી માન્યતા છે. છેલ્લે જે ગોવાળીયાઓને જુદાજુદા જંગલી પ્રાણીઓ બનાવ્યા છે. જે વાઘો છે. તેમના પર અગ્નિના અંગારા ઉડાડે છે. તેમને પુછવામાં આવે છે કે અમારા ઢોરો પર હુમલા કરશો ? ત્યારે તે બનાવેલા ( વાઘ) પ્રાણીઓ નકારમાં જવાબ આપે છે. ગામ વિસ્તારની હદ છોડી જવા કહેવામાં આવે છે. અને તેમના દ્વારા હા બોલાવે છે. પછી ગોવાળીયઓને ચાંદલો કરે છે. છેલ્લે મરઘું અને ચોખા રાંધી ગોવાળો સાથે બધા ભેગા મળી પ્રસાદ લઇ છૂટા પડે છે. આ સમ્રગ તહેવારના ખર્ચ ગામના લોકો સામૂહિક રીતે દરેક કુટુંબ પાસેથી ફાળો ઉઘરાવી કરવામાં આવે છે.

આદિવાસીઓના ઉપરોક્ત વિવિધ તહેવારની ઉજવણીનો હાર્દ જોઇએ તો તેઓ માત્રને માત્ર પોતાના કુટુંબના, સમ્રગ ગામની તેમજ પોતાના પાલતું પશુઓ વગેરેનું આરોગ્યની દ્રષ્ટિએ સુખ-શાંતિ રહે એવી કામના પૂજા આરાધાના માધ્યમથી કવામાં આવે છે. આરોગ્યની પરિભાષામાં એમ જણાવાયું છે કે જેઓની શારીરિક માનસિક અને સામાજિક રીતે સ્થિતિ સારી હોવી તેને સારૂ કે સ્વસ્થ આરોગ્ય કહેવાય છે. દરેક આદિવાસી વ્યક્તિઓની માનસિક્તા સ્વચ્છ રહે તેના માટે તહેવારોની ધાર્મિક પૂજા વિધિ અતિ મહત્વનું પરિબળ તરીકે કામ કરે છે. કારણ કે તેઓનું કહેવું છે કે જો અમારા દેવ-દેવીઓ ખુશ રહશે તો જ અમારૂ સ્વાસ્થ્ય સારૂ રહેશે.

-: સંદર્ભસૂચિ :-

1. ઇન્દુકુમાર જાની (2009) આદિવાસી-પર્વ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ

2. પુંડલિક સી. પવાર (2006) ડાંગી લોકગીત, આશિષ-પબ્લિકેશંસ આણંદ.

3. વૈદ્ય પ્રાગજી એમ. રાઠોડ (2012) આરોગ્યની બારમાસી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય ,અમદાવાદ.

4. નવનીત બી. ગાયકવાડ (2015) આદિવાસીઓની આરોગ્ય વિષયક સ્થિતિ અને સભાનતા, ગ્રીન ફ્લેગ ફાઉંડેશન, સોનાસણ- ગુજરાત.

5. ભોયે કાશીરામ (2012)આદિવાસીઓમાં ભગત-ભૂવાની ભૂમિકા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત.

6. એમ. એન. ગાયકવાડ (2013) કોંકણીઓમાં પરિવર્તનના પ્રવાહો, ન્યૂ પોપ્યુલર પ્રકાશન સુરત.